# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/પ્રવેશ/મપસ/શિક્ષણ/૨૦૧૬/ 594

તા. ૧૭/૦૮/૨૦૧૬

## પરિપત્ર-૭૭

આથી આ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખાની કૉલેજોમાં બી.એડ્. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૮માં સેમેસ્ટર-૧માં પ્રવેશ માટેનું કામચલાઉ મેરીટ લીસ્ટ, રી-ચોઈસ ફીલિંગ તથા પ્રથમ કામચલાઉ કોલેજ એલોટમેન્ટ અનુક્રમે પરિપત્ર- ૫૦, પરિપત્ર-૫૩, પરિપત્ર-૫૮ તથા પરિપત્ર-૭૧ થી જાહેર કરવામાં આવેલ હતું.

આ યુનિવર્સિટીમાં બી.એડ. અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૬-૧૮માં પ્રવેશ મેળવવા માટે અરજી કરેલ વિધાર્થીઓની પ્રવેશ માટેની બીજી કામચલાઉ કોલેજ ફાળવણી તા. ૧૭/૦૮/૨૦૧૬ના રોજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અનુસાર સંબંધિત વિધાર્થીએ યુનિવર્સિટીની વેબસાઈટ પર બી.એડ્. વેબપોર્ટલ પર લોગીન થઇ કામચલાઉ પ્રવેશ ફાળવણી પત્ર તેમજ બેંક ચલણની પ્રિન્ટ આઉટ કાઢી, જરૂરી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની નજીકની કોઈપણ શાખામાં તા. ૧૭/૦૮/૨૦૧૬ થી તા. ૨૩/૦૮/૨૦૧૬ સુધીમાં ભરવાની રહેશે. ફી ભર્યાની પહોચ સાથે જરૂરી દસ્તાવેજો કોલેજમાં રૂબરૂ જઈ જમા કરાવી પોતાનો બી.એડ્. પ્રવેશ નિયત તારીખ સુધીમાં સુનિશ્ચિત કરવાનો રહેશે. આ સમય મર્યાદામાં ફી ન ભરનાર કોઈપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની કોઈપણ પ્રકારની રજૂઆત માન્ય ગણાશે નહિ અને તેમનો પ્રવેશ માટેનો કોઈપણ હકદાવો રહેશે નહી જેની સર્વે સંબંધિતોએ ખાસ નોંધ લેવી.

કો-ઓર્ડીનેટર
બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૮ માટે બી.એડ્. અભ્યાસક્રમ પ્રવેશ માટે અરજી કરનાર તમામ વિધાર્થીઓ.

નકલ રવાના :
- તમામ નોડલ કોલેજ/સેન્ટરના કન્વીનરશ્રીઓ તરફ જાણ તથા તા. ૧૭/૦૮/૨૦૧૬ થી તા. ૨૩/૦૮/૨૦૧૬ સુધી વિધાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવા સારૂં.
- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.